“ બાળ ઘડતરમાં પાયાના પથ્થર ”





## બીના સુશીલ હાન્ડા, સમાજસેવિકા

**જન્મ :** ૧૩, જુલાઈ, ૧૯૫૨, અમદાવાદ

**અભ્યાસ :** અમદાવાદ આઈ.આઈ.એમ.માંથી પી.જી.ડી.બી.એમ.

બીના સુશીલ હાન્ડા આમ તો માનવસ્રોત વિકાસ ક્ષેત્રનાં એક વ્યવસાયી છે, પરંતુ ભાવિ પેઢીનું યોગ્ય રીતે ઘડતર થાય એ માટે સતત કામગીરી કરવી તે તેમની પ્રાથમિક્તા છે. આઈઆઈએમ-અમદાવાદમાં અભ્યાસ અને થોડા વર્ષ સુધી એ જ સંસ્થામાં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે સેવા આપી ચૂકેલા બીનાબહેને હ્યુમન રિસોર્સના ક્ષેત્રમાં ઘણી પાયાની કામગીરી કરી છે જેની નોંધ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે લેવામાં આવી છે અને આ ક્ષેત્રમાં તેમણે કરેલાં સંશોધન અને પ્રદાનનો એચ.આર.નાં પુસ્તકોમાં સમાવેશ થયો છે. તેઓ ‘સેવા’ તથા ઈન્ડિયન રિનલ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓમાં સલાહકાર તરીકે સેવાઓ આપે છે.

**બાળ ઘડતર :** બીનાબેન પોએસિસ નામની સંસ્થાના સ્થાપક ડિરેક્ટર અને વડાં છે. પોએસિસમાં બાળકોમાં મૂલ્યો, કુશળતાનો વિકાસ કેવી રીતે થાય અને બાળકો ભાર વિના કેવી રીતે અભ્યાસનો આનંદ મેળવી શકે તેની તાલીમ આપવામાં આવે છે.

**કારકિર્દીની શરૂઆત :** ઈન્ડો-અમેરિકન ફાર્માસ્યુટિકલ કંપનીનાં પર્સોનલ એક્ઝિક્યુટિવ તરીકે.

**કામગીરી :** તેઓ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી, શિક્ષણ અને અભ્યાસ, વ્યક્તિત્વ વિકાસ તથા સંગઠન રચના જેવાં ક્ષેત્રોમાં બહોળો અનુભવ ધરાવે છે. તેઓ વિવાન્ત પ્યોર ફૂડ્ઝના મેન્ટર પણ છે.

**તમારા કયા નિર્ણયને સૌથી મહત્ત્વનો માનો છો? :** બાળકોના જન્મ પછી ઘરમાં રહેવાનો નિર્ણય મહત્ત્વનો.

**કારકિર્દીમાં અભ્યાસ કેટલો મદદરૂપ બન્યો? :** અભ્યાસ સંપૂર્ણ મદદરૂપ બન્યો. ઈતર પ્રવૃત્તિઓનો પણ ફાળો રહ્યો. સારી વક્તા હતી અને હાલ પણ છું.

**આદર્શ :** શાળાના આચાર્ય ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) જે પિતાતુલ્ય હતા. તેમણે જ આત્મવિશ્વાસ જગાવ્યો. ઉપરાંત મારી માતા પુષ્પા કોઠારી - તેઓ સંબંધોની ગરિમાને સમજતાં.

**આદર્શ સમાજ કેવો હોવો જોઈએ? :** આદર્શ સમાજ રામરાજ્ય હોઈ શકે, પરંતુ તે શક્ય નથી. દરેકને નવું કરવાની ધગશ હોય, સૌ એકબીજાને મદદ કરે તો આદર્શ સમાજ ગણાય.

**જીવન ફરીથી શરૂ કરવા મળે તો શું કરો? :** કલા, સંગીત વગેરેનો અભ્યાસ કરું.

**જીવનમાં કઈ બાબતને સૌથી વધુ મહત્ત્વ આપો છો? :** લોકોને તેમના વિકાસમાં મદદ કરવી.

**આદત :** સવારની ચા અને રાત્રે સૂતા પહેલાં અડધો કલાક વાંચન.

